R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 51 DATE: 20-12-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )
If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## ઇસ્લામીક સ્ટેટ સંગઠને ઇરાકમાં તાબે નહી થનાર ૧૫૦ મહિલાઓને રહેસીં નાખી

દુનિયા ભરમાં આતંકીઓ આતંક ફેલાવી રહ્યા છે.તાજેતરમાં ઓસ્ટ્રેલીયા ખાતે, ત્યારબાદ પાકિસ્તાનમાં પેશાવર ખાતે અને હવે ઈરાકમાં લગ્નનો ઈન્કાર કરનાર મહિલાઓને ઈસીસ ના આતંકીઓએ રહેસી નાંખી હતી. આ અહેવાલો તુર્કી મીડીયાએ પ્રગટ કર્યા હતા. ઈરાકના માનવ અધિકાર મંત્રાલય દ્વારા જારી કરાયેલો એક નિવેદનમાં જણાવાયું હતું કે આતંકીઓ ઈરાકના અલ-અંબર પ્રાંતમાં મહિલાઓ પર હુમલો કર્યો હતો અને હત્યા બાદ ફલુજ્જાહમાં સામુહિક કબરોમાં દફનાવી દીધી હતી.હત્યાના સમયે કેટલીક મહિલાઓ ગર્ભવતી હતી.નિવેદનમાં જણાવ્યા મુજબ મહિલાઓએ આતંકીઓ સાથે લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધા બાદ અબુ અનસ અલ લીબી નામના આતંકવાદીએ ઓછામાં ઓછી ૧૫૦ મહિલાઓને મોતને ઘાટ ઉતારી દીધી હતી.આ સમાચારો પ્રગટ થતા સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો હતો.

ઈરાકમાં આઈએસના આતંકનો સૌથી ભોગ ખ્રિસ્તી-યઝિદી સમુદાયના લોકો બન્યા છે.અત્યાર સુધીમાં યઝિદી સમુદાયની પાંચની સાત હજાર મહિલાઓને આઈએસ દ્વારા ગુલામ બનાવવામાં આવી છે.કુવારી મહિલાઓને અલગ તારવીને આતંકીઓ તેમને સોક્સગુલામ તરીકે ધકેલી દે છે.તાજેતરમા એક ફતવો બહાર પાડીનો ઈસ્લામીક સ્ટેટે તેના આતંકીઓને ગુલામ મહિલાઓ સાથે સેક્સની પરવાનગી આપી છે.ઈસીસે જણાવ્યા મુજબ ગુલામ મહિલા સાથે સોકસ કરવામાં કશું ખોટું નથી.ફતવામાં ગુલામ મહિલાઓની કિંમત જાહેર કરવામાં આવી હતી.ઈસ્લામિક સ્ટેટ ખુલ્લે આમ ગુલામી પ્રથાનું સમર્થન કરે છે.તેઓએ એ પણ જાહેર કર્યું હતું કે ગુલામી પ્રથાને તેઓ પુનર્જીવીત કરી રહ્યા છે.

જ્યારે જેહાદ અલ-નિકાહને સેકસ જેહાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાં સુન્ની મહિલાઓ ઈસ્લામિક શાસનની સ્થાપના માટે લડતા આતંકીઓને સેક્સનુ સુખ આપવા માટે પોતાની જાતને અર્પણ કરી દે છે.અલ-કાયદા સંલગ્ન ઈસ્લામિક આતંકવાદી જુથો સામેની ટ્યુનીશીયાની સરકારની લડાઈમાંથી આ વ્યવસ્થા જન્મી છે.



યઝિદી મહિલાઓએ ઈરાક અને સીરીયામાં તેમની મહિલાઓ સાથે થઈ રહેલા અત્યાચારો સામે આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોરવા માટે જર્મની ખાતે એક વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેમાં યઝિદી મહિલાઓ ભાગ લીધો હતો.

## તહેરિકે-તાલીબાન પાકિસ્તાન દ્વારા પેશાવરની શાળામાં ઘાતકી હુમલો

પાકિસ્તાનમાં પેશાવરમાં આવેલી આર્મી સ્કુલમાં તહેરીકે તાલિબાન પાકિસ્તાનના આતંકીઓએ કરેલા હુમલામાં ૧૩૨ વિદ્યાર્થીઓ,એક શિક્ષિકા અને સેનાના જવાન સહિત ૧૪૧ લોકોના મોત નિપજ્યા હતા.તેમજ ૨૪૫ જણાને ઈજાઓ પહોચી હતી.૭ કલાકના ઓપરેશન બાદ સેના દ્વારા તમામ ૭ આતંકીઓને ઠાર કરી દેવાયા હતા.હુમલા સમયે શાળામાં ૧૧૦૦ વિદ્યાથીઓ અને કર્મચારીઓ હાજર હતા.

અર્ધલશ્કરી દળોના ગણવેશમાં ૭ જેટલા તાલીબાની આતંકીઓ પેશાવરના વારસાક રોડ પર આવેલી આર્મી પબ્લીક સ્કુલમાં ઘુસી ગયા હતા અને અંધાધુધ ગોળીબાર કર્યો હતો.તેમજ શાળાની ઈમારતમાં ત્રણ વિસ્ફોટો પણ કર્યા હતા.હુમલાની જવાબદારી આતંકી સંગઠન તહેરિકે તાલિબાન-પાકિસ્તાને સ્વીકારી હતી.આ સંગઠનના પ્રવક્તા મુહમ્મંદ ખોરાસાનીએ જણાવ્યું હતું કે હુમલાખોરોમાં ટાર્ગેટ કિલર્સ અને સુસાઈડ એટેકર્સનો સમાવેશ થતો હતો.અમે નાના બાળકોનો નહીં પરંતુ મોટા વિદ્યાર્થીઓને મારવાનો આદેશ કર્યો હતો.જુન ૨૦૧૪માં પાકિસ્તાની સેનાએ વજીરીસ્તાનમાં તાલિબાન વિરોધી સૈનિક અભિયાન શરુ કર્યું હતું તેનો આ બદલો છે.ગુજરાત સહિત વિશ્વભરમાં આ ઘટનાની નિંદા કરવામાં આવી હતી.ગુજરાત અને ભારત સહિત શાળાના બાળકોને શોકાંજલિ આપવા માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતું.

## નાતાલની રજા રદ કરી ગુડ ગવર્નન્સ ડે ઉજવવા સ્કુલો ચાલુ રાખવાનો સરકારી પરિપત્ર

નાતાલના તહેવારોમાં ૨૫મી ડિસેમ્બર ખ્રિસ્તીઓનો તહેવાર હોવાથી શાળાઓમાં રજા આપવામાં આવે છે.પરંતુ ભાજપની સરકાર દ્વારા આ દિવસે ગુડ ગવર્નન્સ ડે ઉજવણી કરવાનો પરિપત્ર શાળાઓને મોકલવામાં આવ્યો છે જેથી શાળાઓ ચાલુ રાખવી પડે.જો કે સરકારને આ મુદ્દે ઘેરવામાં આવતાં નાણાં મંત્રી અરુણ જેટલીએ કુશળતાથી રાજ્યસભામાં ખુલાસો કર્યો હતો કે આ દિવસે સ્કુલ બંધ રાખવામાં આવશે પરંતુ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.પરંતુ કોઈના કોઈ બહાને સ્કુલ ચાલુ રખાશે.માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીને આખા દેશમાં ભગવાકરણ કરવાનો અભરખો છે તેથી તેઓ કોઈપણ બાબતમાં તક મળે છોડતાં નથી.તેમનું આચરણ દેશમાં રચાયેલ નવી સરકારને વારંવાર ભીંસમાં મુકે છે.પરંતુ તેઓ પાછળથી મીડીયાને દોષ આપી છટકી જવાનો પ્રયત્ન અવશ્ય કરે છે.

સુસાશન દિવસ ઉજવવાના મુદ્દે વિપક્ષ દ્વારા કરાયેલા વિરોધમાં ડીમકેના વડા કરુણાનિધિએ જણાવ્યું હતું કે મોદી સરકાર હિદુત્વના મુદ્દે જ આગળ વધી રહી છે. અને તે રીતે કામ કરી રહી છે. તેઓ આ રીતે કોમી એકતાની મજાક ઉડાવી રહી છે.જો કે અન્ય વિપક્ષો પર આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યા છે કારણકે તેઓને એવું લાગી રહ્યુ છે કે સરકાર પોતાનો છુપો એજન્ડા અમલમાં લાવવા માટે પ્રયત્નશીલ છે.ભાજપની ભગીની સંસ્થાઓ દેશમાં ચારેબાજુ હિદુત્વના મુદ્દે આંદોલનને ઓપ આપી રહી છે.અને સરકાર આ વિચારધારાને ઉત્તેજન આપતી કાર્યવાહી કરી રહી છે.

## ભારતમાથી ઇટાલીએ કચેરી બંધ કરવા માટે ધમકી આપી

ભારતીય માછીમારોને ચાંચીયા સમજીને ગોળી ચલાવતા મૃત્યુ પામેલ માછીમારોની હત્યા બાબતે કેસમાં ઈટાલીના નૌસેનિકો ભારતીય જેલમાં છે. અને તેમની સામે હત્યાનો ખટલો ચાલી રહેલ છે.ઈટાલીની સૈનિકો ૨૦૧૨માં કેરળ પાસેના દરિયામાં ઓઈલ ટેંકરની સુરક્ષા સંભાળતા હતા.હવે ઈટાલીના આ નૌ સેનિકોએ કરેલી અરજી નામંજુર થતાં ઈટાલીએ ભારત ખાતેના તેમના એલચીને પાછા બોલાવી લેવાની ધમકી આપી છે.હવે આ એક રાજદ્વારી વિવાદ શરુ થયો છે.ગત વર્ષે તેમને જામીન અરજી મંજુર કરવામાં આવી હતી. પરંતુ આ વખતે તેવી અરજી મંજુર કરવામાં આવેલ નથી.

ઈટાલીની સરકારને આ કેસ અહીયાની કોર્ટમાં ચાલે તે બાબત પહેલાંથી મંજુર નથી. તેઓ આ ખટલાને આંતરરાષ્ટ્રીય કોર્ટમાં લઈ જવા માંગતા હતા. પરંતુ ભારતીય સીમાં બનેલ ઘટના અને ભારતીય માછીમારોની હત્યાને કારણે કેસ ભારતની કોર્ટમાં ચાલી રહેલ છે. અને ચાલશે તેથી ઈટાલી નારાજ છે કારણે કોર્ટમાં વિલંબ થશે.

## કાળુ નાણું દેશ બહાર મોકલવામાં ભારત વિશ્વમાં ચોથા ક્રમે

આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્લોબલ ફાઈનાન્સ ઈન્ટીગ્રીટીએ ખુલાસો કર્યો હતો કે વિદેશમાં કાળા નાણાં સંગ્રહવામાં ભારતનો ચોથો નંબર આવે છે.સૌથી વધુ કાળુ નાણું વિદેશોમાં મોકલવામાં ચીન પ્રથમ નંબરે છે.ત્યારબાદ રશિયા અને મેકસિકો ત્રીજા કમે આવે છે.ભારતમાંથી વિદેશોમાં પગ કરી ગયેલા કાળા નાંણા અંદાજે ૪૪૦ અબજ ડોલર જેટલા મનાય છે.૨૦૧૨માં ભારતીયો દ્વારા અંદાજે ૬ લાખ કરોડ રુપીયા વિદેશોમાં છુપાવવામાં આવ્યા હતા.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

આતંકવાદનો બિહામણો ચહેરો વધુને વધુ ક્રુર બનતો જાય છે. હજુ તો સીડનીના કાફે પરના ત્રાસવાદી હુમલાની સ્યાહી સુકાઈ નથી ત્યાં તહેરિક તાલીબાન-પાકિસ્તાનએ પેશાવરની એક આર્મી સ્કુલ પર હુમલો કરીને ૧૪૧ જેટલા લોકોની હત્યા કરી.જેમાં મોટી સંખ્યામાં બાળકો હતો.પેશાવરની સ્કુલ પરનો હુમલો ક્રુર છે.માસુમ બાળકોની લાશો પાડવા માટે લશ્કર તેમને રંજાડી રહ્યું છે તેનો બદલો લેવા માટે આ હુમલો કરાયો છે.પાકિસ્તાન તાલીબો પોતાની બાલીશતા સાથે ધાતકીપણાનો અહેસાસ કરાવ્યો છે.

મોટા ભાગના બાળકોના માથામાં ગોળીઓ મારવામાં આવી હતી. કેટલાકને ત્રણથી ચાર ગોળીઓ મારવામાં આવી હતી.આતંકીઓનો ઈરાદો સ્કુલમાં તમામની હત્યા કરવાનો હતો.તેઓ સ્કુલમાંથી કોઈ વ્યક્તિ બચી જાય તેમ ઈચ્છતા નહોતા.

ઈસીસ નામના સંગઠને તાજેતરમાં સેકડો મહીલાઓની હત્યા કરી જેમાં ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાયછે.આ અપહરણ કરાયેલ સ્ત્રીઓ પૈકીની કેટલીકને સેક્સ ગુલામ તરીકે વેચવામાં આવી રહી છે.મુસ્લીમ રાષ્ટ્રોએ ત્રાસવાદ સામે સંગઠનમાં જોડાઈને આતંકીઓનો સફાયો કરવો પડશે.વિશ્વમાં શાંતિ સ્થાપવી હશે તો તૈયારી કરવી પડશે. જો કે આ બધા સંગઠનોને દુધ પાઈને જે રાષ્ટ્રોએ ઉછેર્યા છે તેમને હવે તેઓ કનડી રહ્યા છે.

## ઈસ્લામીક સંગઠને (ઈસીસ) ઈરાકમાં ચાર ખ્રિસ્તી બાળકોનો શિરચ્છેદ કર્યો

આતંકવાદી સંગઠન ઈસીસ, ઈસ્લામીક સંગઠને ઈસ્લામ ન કબુલવા બદલ ઈરાકમાં ચાર ખ્રિસ્તી બાળકોનો શિરચ્છેદ કર્યો હતો.આમ આ સંગઠને તેનો કાળો કેર વર્તાવવાનું ચાલુ રાખ્યું છે.બગદાદ નજીક આવેલા ક્રિશ્ચિયન એન્કલેવમાં આ હત્યાકાંડ સર્જાયો હતો.હાલમાં આ વિસ્તારમાં આઈએસઆઈ કબજો ધરાવે છે.

આ અંગે વિકાર ઓફ બગદાદ તરીકે ઓળખાતા કેનન એન્ડ્રુએ જણાવ્યું હતું કે આ સંગઠન ખ્રિસ્તીઓને ઈરાકની બહાર કાઢવા માટે તેમની હત્યાઓ કરે છે.તેઓ મોટી સંખ્યામાં તેમની હત્યા કરી રહ્યા છે.તેઓ બાળકોને અધ્ધવચ્ચેથી કાપી નાંખે છે.માથુ કાપે છે.હવે તેઓ આગળ વધી રહ્યા છે. જે અમારા માટે એક ભયાનક બાબત છે.

તેમણે ઉમેર્યુ હતું કે આ આતંકવાદીઓ દર બીજા દિવસે અમારી પાસે આવે છે.તેઓ એકને કહે છે કે તમે ઈસ્લામમાં કન્વર્ટ થઈ જાવ નહિતર અમે તમારા બાળકોને મારી નાંખીશું.કેનને દાવો કર્યો હતો કે એક પિતાએ ઈસ્લામ કબુલવાનો ઈન્કાર કરતાં તેના બાળકોની હત્યા કરાઈ હતી.

આ તમામ બાળકો ૧૫થી નીચેની વયના હતા.આતંકવાદીઓએ આ બાળકોને પુછયું કે તમે એમ બોલો કે 'તમે મહંમદનું અનુસરણ કરશો'. પરંતુ બાળકોએ કહ્યું કે ના, અમે ઈસુને પ્રેમ કરીએ છીએ

## ભગવત ગીતાને રાષ્ટ્રીય ગ્રંથ જાહેર કરવાની માંગ કરતાં : કેન્દ્રીય વિદેશ મંત્રી સુષમા સ્વરાજ

દિલ્હીમાં લાલ કિલ્લામાં ભાગવદ ગીતા ૫૧૫૧મા વર્ષમાં પ્રવેશ કરે છે તેનો ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.આ ઉત્સવમાં ભાગ લેવા માટે આવેલ કેન્દ્રીય વિદેશ મંત્રી સુષમા સ્વરાજે જણાવ્યું હતું કે સરકારે ભાગવદ ગીતાને રાષ્ટ્રીય ગ્રંથ તરીકે જાહેર કરવો જોઈએ.તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાો ગીતા ભેટમાં આપી હતી.આમ તેઓએ અનઔપચારિક રીતે રાષ્ટ્રીય ગ્રંથ તરીકેનો દરજ્જો આપી દીધો છે.

જો કે સુષમા સ્વરાજના નિવેદન બાદ કોગ્રેસના મનીષ તિવારીએ જણાવ્યું હતું કે ઓબામાના હાથમાં ગીતા આપવાથી તે રાષ્ટ્રીય ગ્રંથ બની જતો નથી.દેશવાસીઓનો રાષ્ટ્રીય ગ્રંથ સંવિધાન છે.આનાથી ઉલટું થાય જેમકે ઓબામા,ભારતના વડાપ્રધાન મોદીને બાયબલની ભેટ આપે તો શું સમજવાનું ?

## અલ-કાયદા દ્વારા યમનમાં અમેરિકી પત્રકાર અને દક્ષિણ આફ્રિકનની હત્યા

અલ-કાયદા દ્વારા યમનમાં બંદી બનાવાયેલ અમેરિકી પત્રકાર અને દક્ષિણ આફ્રિકન નાગરિકને મુક્ત કરાવવાનો અમેરિકી વિશેષ દળોનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો.હુમલા દરમિયાન અલ-કાયદાના આતંકવાદીઓએ અમેરિકી પત્રકાર લુક સોમર્સ અને દક્ષિણ આફ્રિકી નાગરિકની હત્યા કરી નાંખી હતી.સોમર્સના મોતને ક્રુર હત્યા ગણાવી વખોડી કાઢતાં અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ જણાવ્યું હતું કે તેમણે ૩૩ વર્ષીય ફોટોજર્નાલીસ્ટ સોમર્સનો જીવ ભયમાં હોવાથી સંયુક્ત બચાવકામગીરી માટે વિશેષ દળોને પરવાનગી આપી હતી.

આરબ દેશોમાં કાર્યરત અલ-કાયદાની શાખા અલ-કાયદા ઈન અરેબીયન પેનીસ્યુલા(એક્યુએપી)એ એક વર્ષ અગાઉ અમેરિકન ફોટો જર્નાલીસ્ટ સોમર્સનું અપહરણ કર્યું હતું.યમનની રાજધાની સાના ખાતે કેદમાં રખાયેલા સોમર્સની મુક્તિના બદલામાં અલ-કાયદાએ અમેરિકા સમક્ષ કેટલીક શરતો મુકી હતી.શરતો ત્રણ દિવસમાં પુરી કરવામાં નહિ આવે તો હત્યા કરી દેવાશે તેવી ધમકી પણ આપી હતી.સોમર્સ યમનમાં સાના ખાતે યમનની ક્રાંતિની બીજી જયંતીની ઉજવણી દરમિયાન આયોજિત પરેડમાં ફોટોગ્રાફી કરી રહ્યો હતો ત્યારે અપહરણ કરાયું હતું.

ઓબામાએ જણાવ્યું હતું કે સોમર્સની હત્યા અલ-કાયદાની ક્રુરતાનો વધુ એક પુરાવો છે.આ પ્રકારની શેતાની વિચારધારા સામે વિશ્વે ઝુકવું જોઈએ નહી.અમેરિકી દળોના હુમલા દરમિયાન અલ-કાયદાના આતંકવાદીઓએ પિયરે કોર્કી નામના દક્ષિણ આફ્રિકન નાગરિકની પણ હત્યા કરી હતી.એક એનજીઓ કોર્કીની મુક્તિ માટે પ્રયાસો કરી રહી હતી.તેને પણ એક વર્ષ અગાઉથી બંદી બનાવી રાખવામાં આવ્યો હતો.એનજીઓ ગિફ્ટ ઓફ ગીવર્સે જણાવ્યું હતું કે કોર્કીને એક દિવસ બાદ આતંકવાદીઓ મુક્ત કરી દેવાના હતા.યમનમાં ચાર વર્ષથી શિક્ષક તરીકે સેવા આપતા કોર્કીનું એક વર્ષ પહેલાં અપહરણ કરાયું હતું.

અલ-કાયદા, તાલીબાનો, ઈસ્લામીક સંગઠન જેવા અનેક કટ્ટરવાદી વિચારધારમાં માનતા આતંકવાદી સંગઠનોની વિચારધારા સામે વિશ્વે એકમત બનીને સામનો કરવાનો સમય આવી ચુક્યો છે.છાશવારે તેઓ નિર્દોષ લોકોની હત્યા કરીને વિશ્વમાં ચારેબાજુ ભયનું સામ્રાજ્ય ઉભુ કરવા માંગે છે.આ વિશ્વના તમામ લોકો માટે એક પડકારજનક બાબત છે.

## સ્વીત્ઝર્લેન્ડ કાળા નાણાંમાં છેતરપીડીના મુદ્દે જ સહયોગ આપશે

સ્વિત્ઝર્લેન્ડની સરકારે સ્પષ્ટ કર્યુ હતું કે તેઓ ભારતના વિદેશોમાં જમા કાળા નાંણા પરત લાવવાના પ્રયાસોમાં તેઓ માત્ર તમામ ભારતીય ખાતાધારકો જેમની સામે પુરાવા હશે તેમની જ માહીતિ આપશે.કાળા નાણાંના મુદ્દે તેઓ કોઈ રીતે ખાતા ફંફોસવાના મામલે સહકાર આપશે નહીં.ભારતના અધિકારીઓ પોતાની સ્વતંત્ર તપાસ કર્યા વિના સ્વીસ બેકોમાં તમામ ભારતીય ખાતાધારકોના નામની જાણકારી માંગી શકે નહીં.

ભારતમાં સ્વિત્ઝર્લેન્ડના રાજદુત લાઈનસ વોન કેસમુલરે ખાતરી આપી હતી કે તેમનો દેશ છેતરપીંડીના એવા તમામ કેસોમાં પુરતો સહયોગ આપશે જેમાં તેના પુરાવા રજુ કરવામાં આવ્યા હોય.તેમણે કહ્યું હતું કે ભુતકાળમાં જે બન્યું છે એ મિટાવી શકાય નહીં.જોકે તેઓ એ વાતથી સહમત હતા કે કદાચ અગાઉ સ્વીસ બેકોમાં જમા કરાવાયેલા કાળા નાંણા કરની દષ્ટિએ કાયદેસર ન હોય. રાજદુતે કહ્યું હતું કે સ્વિસ અધિકારીઓનો સહયોગ ખાતાધારકોની ચોરાયેલી યાદીના આધારે ન લઈ શકાય.તેમણે કહ્યું હતું કે અમે આ મામલે ભારતની ચિંતા સમજી શકીએ છીએ

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),
અમદાવાદ.૮
ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,
અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા
રાયખડ,અમદાવાદ.૧

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,નડીયાદ.૨

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સર્વ ક્ષેત્રે સમૃધ્ધિ,
સર્વ ક્ષેત્રે ઉજાસ

# વનવાસી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ ગુજરાત

## સૌનો સાથ......

આદિજાતિ વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૪૦,૦૦૦ કરોડની ફાળવણી

સ્વાવલંબન અભિયાન : આદિવાસી મહિલા પશુપાલકોને આત્મનિર્ભર બનાવવા દુધાળા પશુ અને સાધનસહાય યોજના

ટેલેન્ટ પુલ યોજના : ૧૩૨૫ આદિજાતિના વિદ્યાર્થીઓનો ખાનગી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે સહાય

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ થકી વનબાંધવોને મળ્યો આર્થિક ઉન્નતિનો રાહ

૭૩૦૨૯ આદિવાસીઓના ૧૦.૯૭ લાખ એકર જમીન પરના દાવા માન્ય

આદિવાસી ક્ષેત્રમાં ૯૯ સબ સ્ટેશનોની સ્થાપના : વીજ પુરવઠો મળતાં વિકાસને મળ્યો વેગ

૨૬ આદિવાસી તાલુકાના ૭,૦૦,૦૦૦ બાળકોને દુધ સંજીવની યોજનાનો લાભ

આદિવાસીઓના સાર્વત્રીક ઉત્કર્ષ માટે બૃહદ હાટની સંકલ્પના સાકાર કરવા રાજ્યના ૧૪ આદિજાતી જિલ્લાઓમાં રૂ.૨૪કરોડનું માતબર રકમનું આયોજન.



શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

શ્રી મંગુભાઇ પટેલ
મંત્રી,વન,પર્યાવરણ અને

શ્રી કાંતિભાઇ ગામીત
રાજ્યમંત્રી,આદિજાતિ વિકાસ

# દુષણો સામે અસહકાર એ આપણી પવિત્ર ફરજ છે : મહાત્મા ગાંધી

ગુજરાતીમાં કહેવત છે કે 'વિના સહકાર નહીં ઉદ્ધાર'. જે કાર્ય એકલો માણસ કરી શકતો નથી તે સમુહ દ્વારા સારી રીતે થતું હોય છે. એક રીતે જોઈએ તો માનવ સંસ્કૃતિ જેટલો સહકાર પુરાણો છે.આપણે જાણીએ છીએ કે, આપણી સંસ્કૃતિ સહકારની છે. સાથે કામ કરવાની વાત કોઈ નવી નથી. માણસના વિકાસમાં સહકારની આવશ્યકતા છે. માનવ સમાજનું કલ્યાણ કરવા, આર્થિક-સામાજિક કાર્યો સારી રીતે પુરાં પાડવા માટે, શાંતિ-સમૃધ્ધિ અને સલામતી માટે સહકાર અત્યંત જરુરી છે.માનવજીવનનો મૂળભૂત સિધ્ધાંત જ સહકાર છે.એના આધારે જ જીવનનો વિકાસ થાય છે.આપણે કહીએ છીએ કે એક હાથે તાળી પાડી શકાતી નથી,તાળી પાડવા માટે બે હાથ ભેગા કરવા પડે છે.બે વ્યક્તિઓના હાથ ભેગા થાય ત્યાંથી જ સહકાર શરુ થાય છે.સહકાર જ જીવનના વિકાસનો સંદેશો આપે છે.જે લોકો કોઈનો સહકાર લેતા નથી એ પ્રગતિ કરી શકતા નથી.ઝાઝા હાથ રળિયામણા, હોય છે. હાથોહાથ જે કામ થાય છે તે એકલો માણસ કરી શકતો નથી.સાથે રહીને કામ કરવાથી કોઈ એક વ્યક્તિના ખભે બધો ભાર આવતો નથી.કામ વહેચાઈ જાય છે.અને એમાં ઝડપ આવે છે.એક વ્યક્તિ જે દસ દિવસમાં કામ પુરુ કરી શકે છે એ જ કામ ઝાઝા લોકો દ્વારા બે દિવસમાં પુરુ થઈજતું હોય છે.યોગ્ય કામની યોગ્ય ઝડપ એ જ પ્રગતિની નિશાની છે.

સહકાર એટલે સાથે મળીને કામ કરવું તે, બીજાને મદદગાર થવું તે. આપણે ત્યાં સહકારી સંસ્થાઓ શરુ થવાના કારણે સામાન્ય લોકોને એના લાભ મળતા થયા છે.બર્નાડ રસેલે કહ્યું છે : 'માનવ જાતને જો કોઈ બચાવી શકે તો તે સહકાર છે.'આપણે જાણીએ છીએ કે , આજના યુગમાં પૈસાદાર વધુ પૈસાદાર અને ગરીબ વધુ ગરીબ બનતો જાય છે.એમાંથી બચવા માટે સામાન્ય લોકોનું સંગઠન રચી ગરીબોને જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા સહકાર પુરી પાડે છે.એવું અર્થશાસ્ત્રીઓ કહે છે.એક બધાને માટે અને બધા એક માટે, સહકારી માળખા અને આંતરરાષ્ટ્રીય ધોરણે એનું સંગઠન છે. સપ્ટેમ્બર - ૧૯૯૫માં માંચેસ્ટરમાં આંતરરાષ્ટ્રીય સહકારી કોગ્રેસમાં સહકારી મંડળીની નવેસરથી વ્યાખ્યા કરવામાં આવી છે.સહકારી મંડળી એ એક એવું સ્વાયત મંડળ છે જેમાં લોકો સ્વેચ્છાએ પોતાની આર્થિક-સામાજીક અને સાંસ્કૃતિક જરુરીયાતો અને અપેક્ષાઓ સંતોષવા,સંયુક્ત માલિકીવાળા, લોકશાહી પધ્ધતિએ સંચાલિત, એવા સાહસ-મંડળ દ્વારા ભેગા મળી જોડાય છે. આ તો સહકારી સાહસ માટેની વ્યાખ્યારુપ છે.સર માલ્કમ ડાર્લિંગે કહ્યું છે : 'સહકાર એ એક સંગઠન કરતાં કંઈક અધિક છે. તે એક ભાવના છે.જેની અસર હૃદય અને મન બંને પર થાય છે.તે વેપાર-ધંધાને સ્પર્શતો ધર્મ છે, તે આત્મ નિર્ભરતા અને સેવાનો સંદેશ છે.'

કોઈ પણ વ્યક્તિ સફળતાના શિખરે પહોચી હોય તો જાણજો કે એની નિસરણીના પગથિયા ઘણાં લોકો હશે.માણસની પ્રગતિ કે એની મહાનતામાં બીજા લોકોનો સહકાર જ કારણભુત હોય છે.મહાનતાનો માર્ગ બીજાઓની સાથે જોડાયેલો છે.પોલેન્ડમાં એક કહેવત છે જેમાં કહેવાયું છે કે એક કરતાં બે માથા સારાં.સહકારથી જ માર્ગ કપાય છે.સહકારથી જ જીવન સરળ બને છે.સહકાર જ માનવજીવનની પ્રગતિનો પાયો છે.જ્યાં અરસપરસ સહકાર નથી ત્યાં વિનાશનાં એધાંણ જોવા મળે છે.હર્બટ કાલ્વટે કહ્યું છે કે : સહકાર એક એવું સ્વેચ્છીક સંગઠન છે કે જેમાં વ્યક્તિઓ સમાનતાના ધોરણે માનવ તરીકે કે તેમના આર્થિક હિતો પાર પાડવા માટે એકત્ર થાય છે.જીવનનો પથ ઘણો કપરો હોય છે.માણસ એકબીજાના સહકારથી તે કાપતો હોય છે.ઘણા લોકો કહે છે કે એકલા એકલા ચાલવાથી રસ્તો ખુટતો નથી. બે કે વધારે લોકો સાથે ચાલતા હોવ તો રસ્તો ક્યારે કપાઈ જાય એની ખબર જ પડતી નથી.સહકારથી લોકો પરસ્પર સહાયના જુસ્સાથી સાથે મળીને કામ કરવાની પ્રેરણા મેળવે છે.જીંદગીની સારી વસ્તુઓ વધુ સારી રીતે મેળવવા એ તમને મદદ કરે છે.એ લોકોને પોતાને માટે બારોબાર કામ કરવા માટે ધંધામાં જોડે છે.

સહકાર શું કરી શકે છે ?જેમ્સ કેશ પેનએ કહ્યું છે કે :' સન્માન યોગ્યતાને સંબોધે છે. અન્ય પરનો વિશ્વાસ આત્મવિશ્વાસનું મુળ છે.સેવા સંતોષ આપે છે.સહકાર નેતૃત્વના ગુણને સાબિત કરે છે.કોઈપણ કામ ઘણા લોકો કરતા હોય ત્યારે એમને યોગ્ય માર્ગદર્શન આપનાર તો જોઈએ કે નહી ? સાથે રહેવું એ જ સૌથી મોટો સહકાર છે.એ જ ઉત્તમ સિધ્ધિ છે'.માર્ટિન લ્યુથર (કીંગે) જુનીયરે કહ્યું છે : 'આપણે ભલે જુદા જુદા જાહજોમાં આવ્યા હોઈશું, પરંતુ અત્યારે તો એકજ નૌકામાં સવાર છીએ. એક સાથે રહીને પરસ્પર સહકાર આપવો એ જ સાચું જીવન છે.જે સાથે રહી શકતા નથી તે કશું કરી શકતા નથી'.આપણા જીવનની નૌકા સંસારરુપી સાગરમાં તરી રહી છે.એમાં આપણે એકલા સવાર નથી.આપણી સાથે હજારો-લાખો પ્રવાસીઓ બેઠેલા છે.એ સૌની સાથે આપણે ભાઈચારો રાખીને આગળ વધવાનું છે.આપણે આગળ જોયું તેમ સહકારમાં નેતૃત્વ મહત્વનું છે.ગુજરાતીમાં કહેવત છે કે' જેનો આગેવાન આંધળો એનું કુટુંબ કુવામાં ' સહકારથી જે કામ કરનારા છે,એમને યોગ્ય દોરવણી મળવી જોઈએ.દોરવણી આપનાર સૌમ્ય પ્રકૃતિ અનો દીર્ઘદ્રષ્ટા હોવા જોઈએ.વિલિયમ આર્થર વોર્ડે યોગ્ય જ કહ્યું છે કે : 'નેતૃત્વ પ્રેરણા પર આધારિત છે- પ્રભુત્વ પર નહીં, સહકાર પર આધારિત છે.ધમકીઓ પર નહીં 'જ્યાં માલિકીભાવની માત્રા વધારે હોય છે ત્યાં સહકાર રહેતો નથી.માણસ તમારાથી થોડોક સમય દબાયેલો રહે, પણ કાયમ માટે તો નહીં જ. જે ખોટું છે,ખરાબ છે એની સામાં માથું ઉંચકવું જોઈએ. ગાંધીજીએ કહ્યું છે કે દુષણો સામે અસહકાર એ પવિત્ર ફરજ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી

( સૌ.સંદેશ)

# શિયાળાની ફેશન

લેખક : મથુર વસાવા

શિયાળાની ઋતુ શરુ થઈ જાય છે તેની સાથે લોકો ગરમ કપડાં ખરીદવાની મોસમ પણ શરુ થઈ જતી હોય છે. જેમ બેને તેમ શરીરને હુંફ મળે તેવું સ્વેટર ખરીદવાનો મુડ હોય છે.જેમ વ્યક્તિ વ્યક્તિમાં ફર્ક હોય છે તેમ સ્વેટર કે જેકેટમાં હોય છે. કેટલાંક લોકો ફેશનમાં સારુ પણ ગરમ ના હોય તો પણ ચાલી જતું હોય છે. કોઈ વ્યક્તિ પુછે કે આવું સ્વેટર કેમ ખરીદ્યું ત્યારે મલકાતા ચહેરે જવાબ આપે છે.''ફેશન " આજે દરેક ચીજવસ્તુંમાં ફેશન આવી ગઈ છે.શિયાળામાં કેટલાક લોકોને સ્વેટર નહીં પહેરવાની પણ ફેશન હોય છે.અંદરખાને ઠંડી લાગતી નહી પણ વાગતી હોય પણ બાપડા શું કરે, આવા લોકોને પ્રશ્નો કરીએ ત્યારે જવાબ મળતો હોય છે ,આ તો સ્વેટર નહીં પહેરવાની પણ ફેશન છે.

આજે સ્વેટર કે જેકેટ કરતાં ગરમ ટોપીની ફેશનનું પ્રમાણ જોવા મળે છે. યુવાન-યુવતીઓમાં ને ખાસ તો બાળકોમાં જોવા મળે છે.બાળકોને જેવી તેવી ટોપી પહેરાવશો તો એ ચાલી જશે પણ માં-બાપને નહીં ચાલે, કારણકે ફેશનવાળી ટોપી પહેરવામાં માં-બાપની કમાલ હોય છે. કેટલાંક માં- બાપ તો બાળકને ગરમી લાગતી હોય તો પણ ટોપી પહેરાવતા હોય છે.

શિયાળાની ઋત્માં લગ્ન પ્રસંગ હોય ત્યારે ઘણા લોકો સ્વેટર પહેરતા નથી.કારણકે નવા કપડાં પહેર્યા હોય એ ઢંકાય જાય તેવી બીક રહે છે. રસ્તે જતાં બાઈક ચલાવનારાઓને તમે જોયા હશે, પાછળ બેઠેલાની પરવા કર્યા વિના ૮૦ ની સ્પીડે ચલાવતાહોય છે.જાણે કે કોઈ લુંટારાઓ પાછળ પડ્યા હોય તેમ. બિચારી બહેનો ઠંડા પવનના સુસવાટાથી ઠુંઠવાઈ જતી હોય પણ કહે કોને ?આમ જે વીતે એ માત્ર પોતાનું મન જાણતું હોય છે.

આપણી પાસે ભલેને ખુબજ કીંમતી સ્વેટર હોય પણ આપણા કરતાં વાજબી કીંમતે ગરીબ વ્યક્તિએ ખરીદેલું વધુ હુંફ કે ગરમી આપે તેવું હોય છે.જ્યારે સત્ય હકીકત કાને પડે ત્યારે આપણી સ્વેટરની કિંમત ઓગળી જતી હોય છે.ગરીબ વ્યક્તિ સામે આપણે ઝાંખા પડી જઈએ છીએ. આમ સ્વેટર કે જેકેટની ફેશનમાં વધુ તેમ તેનું આયખું પણ ટુકું હોય છે.

# 'ઘર વાપસી' કાર્યક્રમ અંતગર્ત મુસ્લીમોનું છેતરપીડીંથી ધર્મપરિવર્તન કરવા બદલ સંસદમાં હંગામો

ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે ઘરવાપસી ના નામે ૨૦૦ થી વધુ મુસ્લીમોને કથિત લાલચ અને છેતરપીડીંથી ધર્મપરિવર્તન કરાવવાની ઘટનાનો સંસદમાં પડઘો પડ્યો હતો.બંન્ને ગૃહોમાં વિરોધપક્ષોએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.જો કે કેન્દ્ર સરકારે વિરોધપક્ષોના મારાનો જવાબ આપતાં જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થા રાજ્ય સરકારને હસ્તક હોય છે.વિરોધપક્ષોએ બળજબરી અને છેતરપીંડીથી કરવામાં આવેલ ધર્મપરિવર્તનને અપરાધિક ઘટના ગણાવી હતી.

આગ્રામાં ધર્મજાગરણ મંચ અને બજરંગદળના કાર્યકરો વિરુધ્ધ મુસ્લીમોને લાલચ આપી ધર્મપરિવર્તન કરાવવાની એફઆઈઆર નોંધવામાં આવી હતી.આગ્રામાં ૬૦ જેટલા મુસ્લીમ પરિવારોને લાલચ આપીને ધર્મપરિવર્તન કરાવવામાં આવ્યુ હતું. તેવું સમાચારોમાં જાહેર કરવામાં આવ્યું હતું.ઉત્તર પ્રદેશના માજી મુખ્યમંત્રી સુશ્રી માયાવતીએ જણાવ્યું હતું કે લાલચ આપીને ધર્મપરિવર્તન કરવું તે ગંભીર અપરાધ છે.બંધારણે દરેકને ધાર્મિક સ્વતંત્રતા આપી છે. કેન્દ્ર અને રાજય સરકારે આ અધિકારનું રક્ષણ કરવું જોઈએ.

ધર્મજાગરણ મંચના રોજેશ્વરસિંહે દાવો કર્યો છે કે છેલ્લા એક વર્ષમાં તેઓએ ૪૦ હજાર લોકોનું ધર્મપરિવર્તન કરાયું છે. જેમાં બે હજાર મુસ્લીમો છે.હવે મંચે નાતાલના દિવસોમાં ૪૦૦૦ખ્રિસ્તીઓ અને ૧ હજાર મુસ્લીમોનું ધર્માતરણ કરાવવાનો દાવો કર્યો છે.ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાઈ ત્યારથી એક બાબતતો સ્પષ્ટ હતી કે હવે તેમની સાથે તેમજ સંઘની ભગીની સંસ્થાઓ તેમના છુપા કાર્યકમોને અંજામ આપશે.ધીમે ધીમે તે સ્પષ્ટ થવા લાગ્યું છે કે તેઓ આ દેશમાં શું કરવા માંગે છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.